જીલ્લાઓની

ગુજરાત
૪

ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે.૧/પીએસએ/૯૦૩/૧૬
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર -૩૮૨૦૧૮.
www.police.gujarat.gov.in
તા.૧૮/૦૬/૨૦૧૬.

2

વિષયઃ - પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીના પરવાના અંગેની અરજીઓ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ધી પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ-૨૦૦૫ તથા પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી (રૂલ્સ)- ૨૦૦૭ ને ધ્યાને લઇ પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીના લાયસન્સ માટેની અરજીઓ આપના સ્તરે સ્વીકારવામાં આવે છે. જે અરજીઓની તપાસ વખતે આ સાથે સામેલ રાખેલ પત્રક(૧) માં જણાવેલ મુદ્દાઓ તથા ચેકલીસ્ટ મુજબના દસ્તાવજોની ચકાસણી કરી અરજી નિયત સમયમર્યાદામા આપના સ્પષ્ટ અભિપ્રાય સહ રેન્જ મારફતે અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે. જેની નોંધ લેવી.

બિડાણઃ- પત્રક(૧) તથા ચેકલીસ્ટ.

(વી.એમ.પારગી)
કંટ્રોલિંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા),
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
તમામ પોલીસ કમિશ્નરશ્રી,
તમામ રેન્જ વડાશ્રી,
તમામ પોલીસ અધિક્ષકશ્રી,

Revd SP:- A'bad city & All Address, A'bad Rural & All Address, Tapi, Gandhidham, Chhota Udepur, Gir Somnath, Dwarka, Morbi, Botad, All local delivery. 1645/20..

D:\G - 1\PSA\PSA NOC AND INTERVIEW DT.5-7-2012\psa all letters\ખાનગી.doc

૧૭૩૫/૨

# પત્રક - (૧)

## પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સી લાયસન્સની અરજી અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ.

➔ ચેકલીસ્ટમાં ઉલ્લેખ કરાયેલ દસ્તાવેજો મેળવી ચકાસણી કરી/સામેલ રાખવા. (ચેક લીસ્ટ સામેલ છે તે મુજબના)

➔ અરજદારનુ રૂબરૂનું નિવેદન તથા વેરીફીકેશન સ્થાનિક પોલીસે ફરજીયાત લેવાનુ રહેશે.

➔ ઓફીસનો ભાડા કરાર વિગેરે દસ્તાવેજોની ચકાસણી ની સમયમર્યાદા ચકાસવી તેમજ દસ્તાવેજો દરખાસ્ત સાથે સામેલ રાખવા.

➔ ગુનો નોંધાયેલ હોય તો એફ.આઇ.આર ની નકલ, કોઇ ગુનામા સજા થયેલ હોય તે નિર્દોષ છુટેલ હોય તો તેના જજમેન્ટ ની નકલ સામેલ રાખવી, સજા સામે કોઇ અપીલ દાખલ કરવામાં આવેલ છે કે કેમ? વેરીફીકેશન માં સ્પષ્ટ જણાવવું. તેમજ અરજદાર વિરૂધ્ધમાં જો ગુનો દાખલ થયેલ હોય તો તે ગુન્હાની હકિકત અરજદારશ્રીએ દર્શાવેલ છે કે કેમ ? તે અંગેની ચકાસણી કરવી.

➔ વેરીફીકેશન પોલીસ અધિક્ષકશ્રી/પોલીસ કમિશ્નરશ્રી કે નોડલ ઓફીસરશ્રીની સહીથી કે હુકમથી પાઠવવા.

➔ અરજદારશ્રીની અરજી અન્વયે ચકાસણી કરી દિન-૨૧ માં વેરીફીકેશન અવશ્ય પાઠવવો.

➔ અરજી સાથે કાયદા અને નિયત ફી ચલણથી જમા કરાવી તેની નકલ અરજી સાથે અવશ્ય સામેલ રાખવી.

➔ અરજદારશ્રી ધ્વારા એજન્સીનુ રાખવામાં આવેલ નામ, સરકારી સંસ્થા સાથે સંલગ્ન હોય તો તાત્કાલીક તેની અરજી મેળવી કે નિવેદનમાં ઉલ્લેખ કરી નામ બદલાવી વેરીફીકેશન સહિત પાઠવવાનુ રહેશે.

➔ હવેથી અત્રેની કચેરીના પરિપત્ર મુજબ અરજદારશ્રીના માંગણીના શહેર/જીલ્લા ના પોલીસ કમિશ્નરશ્રી/પોલીસઅધિક્ષકશ્રીઓના વેરીફીકેશન તેના મુળ શહેર/જીલ્લા કે જયાં તેની મુખ્ય ઓફીસ/રજીસ્ટર્ડ ઓફીસ આવેલ હોય તે શહેર/જીલ્લા ખાતે તમામ વેરીફીકેશન મેળવી અત્રે કંટ્રોલીંગ ઓથોરીટીને અરજી સમયમર્યાદામાં પાઠવવાની રહેશે.

➔ પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ-૨૦૦૫ ની કલમ-૫, ૬ માં જણાવેલ મુદ્દાઓ વંચાણે લઇ અરજી અન્વયે લાયસન્સ આપવા અંગે વેરીફીકેશન આપવાના રહે છે.

➔ અરજદારશ્રીની અરજી અન્વયે પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી લાયસન્સની અરજીમાં ભાગીદારો હોય તો તેઓના ફોર્મ-૧, અસલ એફિડેવિટ તથા રૂ.૫૦૦/- વેરીફીકેશન ના ભાગીદારોની સંખ્યા આધારે સ્વીકારવાના રહેશે. તથા તેઓના મુળ વતનમાં વેરીફીકેશન કરાવવાના રહેશે.

➔ પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીની ઓફીસ અંગે અરજી સાથે રજુ કરવામાં આવેલ ભાડા કરાર સબંધે ૬ માસનો સમય ગાળો દર્શાવેલ હોય છે જે અંગે ચેકીંગ દરમ્યાન ભાડા કરારની નકલ તાજેતરની અવશ્ય માંગવી.